

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી : મીનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-12 ■ તા. 06-04-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


## ’થોડું મુશ્કેલ હશે પરંતુ તેનું અંતિમ પરિણામ ઐતિહાસિક હશે’, ચીન સાથે ટ્રેડ વૉર વચ્ચે ટ્રમ્પનો દાવો



રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ટેરિફ અંગે પોતાના જ લોકોને ચેતવણી આપી છે. ભવિષ્યમાં અમેરિકાના લોકોને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે તેનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, ‘અમે પહેલા ખૂબ મજબૂર હતા, પરંતુ હવે એવુ નહીં થાય. આ સરળ નહીં હોય, પરંતુ અંતિમ પરિણામો ઐતિહાસિક હશે. તેમણે અમેરિકામાં પહેલાની જેમ નોકરીઓ અને વ્યવસાય પાછો લાવવાની પણ વાત કરી છે.

ડોનાલ્ડ ટ્રમ્પની આ ટિપ્પણી એવા સમયે આવી છે, જ્યારે અમેરિકા દ્વારા લગાવવામાં આવેલા ટેરિફના જવાબમાં ચીને પણ યુએસ ઉત્પાદનો પર ૩૪ ટકા ટેક્સ લાદ્યો છે. આ શુલ્ક ૧૦ એપ્રિલથી અમેરિકન સામાનો પર લાદવામાં આવશે. આ ઉપરાંત ચીને ૧૬ અમેરિકન કંપનીઓ સામે પણ કાર્યવાહી કરી છે. આ અંગે ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ‘અમેરિકા કરતાં ચીનને વધુ નુકસાન થયું છે. ચીનની સાથે સાથે અન્ય કેટલાક દેશોએ અમારી સાથે ખૂબ જ ખરાબ વર્તન કર્યું છે.‘ટ્રમ્પે કહ્યું, ‘અમેરિકામાં પહેલેથી જ પાંચ ટ્રિલિયન ડોલરથી વધુનું રોકાણ આવી ચૂક્યું છે અને તે ઝડપથી વધી રહ્યું છે. આ એક આર્થિક ક્રાંતિ છે અને આપણે જીતીશું. અમે અમેરિકાને ફરીથી મહાન બનાવીશું.‘ અમેરિકા દ્વારા વેપાર ભાગીદાર દેશો પર બદલો લેવા માટે ટેરિફ લાદવામાં આવ્યા બાદ ચીને વિશ્વ વેપાર સંગઠન (ડ્ઢ) માં પણ ફરિયાદ નોંધાવી છે. ચીનના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, ‘ચીને ૧૬ યુએસ કંપનીઓને બેવડા વપરાશવાળી વસ્તુઓના નિકાસ પર પણ પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે.‘સમાચાર એજન્સી શિન્હુઆના રિપોર્ટ પ્રમાણે ચીનના વાણિજ્ય મંત્રાલયે કહ્યું કે, ‘અમેરિકન સંસ્થાઓ એવી પ્રવૃત્તિઓમાં સામેલ છે, જે ચીનની રાષ્ટ્રીય સુરક્ષા અને હિતોને જોખમમાં મૂકી શકે છે. યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવના કાર્યાલયના ડેટા મુજબ ૨૦૨૪માં અમેરિકાનો ચીન સાથે કુલ વેપાર ૫૮૨.૪ અરબ ડોલર હોવાનો અંદાજ હતો. ગયા વર્ષે ચીનને અમેરિકાની નિકાસ કુલ ૧૪૩.૫ અરબ ડોલર હતી, જ્યારે આયાત કુલ ઈ૪૩૮.૯ બિલિયન હતી. આ સમયગાળા દરમિયાન ચીન સાથે અમેરિકાની વેપાર ખાધ ઈ૨૯૫.૪ બિલિયન હતી.

## પાવાગઢ-અંબાજીમાં ચૈત્રી નવરાત્રીના આઠમા નોરતે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું, માતાજીના જય ઘોષથી મંદિર પરિસર ગુંજી ઉઠયું



આજે ચૈત્ર સુદ આઠમનો શુભ અવસર છે, ત્યારે પાવાગઢ મહાકાલી મંદિરમાં વહેલી સવારથી જ ભાવિક ભક્તોનો ઘસારો જોવા મળ્યો છે. મા મહાકાલીના પ્રાગટ્ય દિવસને લઈને મંદિરમાં ભક્તોની ભારે ભીડ જામી છે. વહેલી સવારે ૪ વાગ્યાથી જ ભક્તો માતાજીના દર્શન કરી શકે તે માટે મંદિર ખુલ્લુ મુકાયું હતું. પાવાગઢમાં નવરાત્રીની આઠમને લઈને વિશેષ હવન અને દર્શનનું વિશેષ મહત્ત્વ છે. દર વર્ષે આઠમ તેમજ નવમીએ એક લાખથી વધુ ભક્તો માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે. પાવાગઢ ડુંગર પર મા કાલિકાના દર્શન માટે વર્ષ દરમિયાન આસો નવરાત્રી, ચૈત્રી નવરાત્રી, આઠમનો હવન તથા જાહેર રજાઓ દરમિયાન ગુજરાત સહિત મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાંથી પણ લાખોની સંખ્યામાં માતાજીના ભક્તો આવે છે. રવિવારથી શરૂ થયેલી ચૈત્રી નવરાત્રીના બીજા નોરતે પાવાગઢના તમામ જાહેર માર્ગો ઉપર મોટી સંખ્યામાં પગપાળા યાત્રાળુઓ જોવા મળ્યા હતા. મધરાતથી મંદિર પરિસર અને પગથિયા પર ભક્તો માતાજીના દર્શન માટે કલાકો સુધી ઉભા રહ્યા હતા. મંદિરના દ્વાર વહેલી સવારે ચાર કલાકે ખુલતા માતાજીના જય ઘોષથી મંદિર પરિસર ગુંજી ઊઠયું હતું.

આજે ચૈત્રી સુદ નવરાત્રીની આજે આઠમના દિવસે સવારથી અંબાજી ખાતે ભક્તોની ભીડ જોવા મળી હતી. અંબાજી આઠમ ભરવાનું વિશેષ મહત્વ હોવાથી વહેલી સવારે મંગળા આરતીમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. ‘બોલ મારી અંબે, જય જય અંબે‘ ના નાદથી અંબાજી મંદિર પરિસર ગુંજી ઉઠયું હતું.

હિંદુ ધર્મશાસ્ત્રોમાં આસો, મહા, ચૈત્ર, અષાઢ એમ ચાર નવરાત્રીનો મહિમા ગાવામાં આવ્યો છે. જેમાં શક્તિ ઉપાસના માટે શરદ ઋતુ, વસંત ઋતુના અનુક્રમે આસો, ચૈત્રની નવરાત્રીને વધુ ફળદાયી માનવામાં આવી છે. ચૈત્રિ નવરાત્રીમાં પણ દેવીશક્તિની ઉપાસના, અનુષ્ઠાન કરવામાં આવે છે. જે ભક્તો મા શક્તિની આરાધના કરતા હોય તેમના માટે નવરાત્રી પરમ શુભદાયી, ફળદાયી, પવિત્ર અવસર છે.

શાસ્ત્રોમાં નવરાત્રીને માતાજીની ઉપાસનામાં શીઘ્ર ફળદાયી ગણવામાં આવી છે. આદિ અનાદિકાળથી નવરાત્રીમાં શક્તિ આરાધનાનો વિશેષ મહિમા વર્ણવવામાં આવ્યો છે. આમ, સામાન્ય દિવસોની તુલનાએ નવરાત્રીમાં શક્તિ આરાધનાનું અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે. જે શ્રદ્ધાળુઓ શક્તિની આરાધના કરવા ઈચ્છતા હોય તેમણે નવરાત્રીના ઉપવાસ રાખીને માતાજીની આરાધના કરવી જોઈએ.

## હીટવેવ ઈફેક્ટ : વડોદરાના મુખ્ય ટ્રાફિક સિગ્નલો બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી બંધ રહેશે



સમગ્ર ગુજરાતની સાથે વડોદરામાં પણ આકરી ગરમી પડી રહી છે. બપોરના સમયે શહેરમા નીખલું પણ મુશ્કેલ બન્યુ છે. તો હવામાન વિભાગે ચાર દિવસ હીટ વેવની આગાહી કરી છે. ત્યારે વડોદરાના વાહનચાલકોને રાહત આપવા શહેર ટ્રાફિક પોલીસે મહત્વનો નિર્ણય કર્યો છે. લોકોનો ગરમીથી બચાવ થાય તેને ધ્યાનમાં રાખીને શહેરના મુખ્ય ટ્રાફિક સિગ્નલો આજથી બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી બંધ રાખવાનો શહેર પોલીસ કમિશનર દ્વારા નિર્ણય લેવાયો છે. જોકે કેટલાક નાના જંક્શન ઉપર ટ્રાફિક સિગ્નલો કાર્યરત રહેશે. ગરમીમાં બપોરના સમયે વધુ વખત તાપમાં રહેવાથી લૂ લાગવાના અને સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી શકે છે. પરિણામે બપોરના સમયે મુખ્ય માર્ગો સુમસામ થઈ જતા હોય છે. આ ઉપરાંત ટ્રાફિક સિગ્નલો પર વધુ સમય વાહનો ઉભું રાખવું હિતાવહ નથી. જેથી શહેરીજનોની સુખાકારી માટે અને ગરમીથી બચાવના ઈરાદે આજથી મુખ્ય ટ્રાફિક સિગ્નલો બપોરે ૧ વાગ્યાથી ૪ વાગ્યા સુધી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જોકે આમ છતાં વાહનચાલકોએ શિસ્ત ભંગ કરીને અકસ્માત થાય એવી રીતે વાહન ચલાવવું નહીં. આ ઉપરાંત ગરમીમાં ગોગલ્સ પહેરવા જોઈએ અને હેલ્મેટના કાયદાનો ચુસ્તપણે અમલ કરવો જરૂરી છે. વાહનચાલકોએ અકસ્માતો થાય એવી રીતે વાહન હંકારવું નહીં કે જેથી પોલીસને જરૂરી કાર્યવાહી કરવાની ફરજ પડે. પોતાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વાહનચાલકોએ વ્યવસ્થિત રીતે વાહન ચલાવવું જોઈએ. જોકે બપોરના સમયે મોટાભાગે વાહન વ્યવહાર મુખ્ય માર્ગો પર ઓછો હોય છે, છતાં પણ ટ્રાફિક નિયમોનું અચૂક પાલન કરીને શિસ્ત જાળવવા પણ શહેર પોલીસ કમિશનરે અનુરોધ કર્યો છે.જોકે એટલા જ નાના રસ્તાઓ પરના ટ્રાફિક સિગ્નલો સુરક્ષાને ધ્યાનમાં રાખીને ચાલુ રાખવાનો પણ નિર્ણય લેવાયો છે.

## ૬ એપ્રિલ ભાજપા સ્થાપન દિવસ...પક્ષ માટે આયખું આપનારા તથા ચોવીસ કલાક કામ કરનારા અસંખ્ય કાર્યકરોનું વિશ્વનું સૌથી મોટું સંગઠન

મિત્રો, આજે ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ છે. એક બાજુ ૧૪૦ વર્ષ જૂની પાર્ટી અને બીજી બાજુ માત્ર ૪૪ વર્ષ જૂની પાર્ટી વચ્ચે જબરજસ્ત મુકાબલા સાથે આજે ભારતીય જનતા પાર્ટી સમગ્ર વિશ્વની સૌથી મોટી પાર્ટી તરીકે ગણતરીમાં મુકાય છે.




-એક દાવા મુજબ.... વિશ્વની તમામ મહાસત્તાઓ માટે ભારતીય જનતા પાર્ટીના વડા અને દેશના વડાપ્રધાન એવા નરેન્દ્ર મોદી સૌના માટે આવકાર્ય છે.

-બીજા એક દાવા મુજબ વિશ્વના તમામ મુખ્ય પેપરોમાં અને મીડિયામાં દરરોજ ભાજપા પાર્ટી અને ભાજપા સંચાલિત સરકારોની અવનવી વાતો વિશ્વની મોટાભાગની ભાષાઓમાં દરરોજ છપાય છે.

-ભાજપા સંચાલિત નરેન્દ્ર મોદી સરકાર ની લોકસભાને જીવંત જોવા માટે વિશ્વની તમામ દેશોની જનતા પ્રાધાન્ય આપે છે.

-વિશ્વની એક એવી પાર્ટી કે જે વારંવાર ગંભીર મુદ્દાઓ માટે નિર્ણયો લઈને કાયદાઓ બનાવી રહી છે.

-હજારો અને કરોડોની સભ્ય સંખ્યા ધરાવતી આ પાર્ટીમાં આજના સમયે ભારત દેશની લગભગ મોટાભાગની પાર્ટીઓ માંથી અનેક લોકો અને નેતાઓ ભાજપા સાથે જોડાઈ ચુકયા છે.

-વિશ્વના તમામ ધર્મના લોકો ધીમે ધીમે ભારતીય જનતા પાર્ટી ના વિચારો સ્વીકાર કરવા લાગ્યા છે.

-વિશ્વની તમામ પ્રજાઓમાં ભાજપા સરકાર વિશે આજે પણ સતત સતત કુતૂહલ જોવા મળે છે.

-ભાજપા પાર્ટી દ્વારા સંચાલિત દેશની બધી જ સરકારોએ વિકાસ અને નવીનીકરણના એજન્ડાને પ્રાધાન્ય આપ્યું હોવાની વાત સમગ્ર દેશ હવે સ્વીકારી રહ્યો છે.

-ભારતીય જનતા પાર્ટીના ઉત્થાનમાં જેમણે ખૂબ મોટું યોગદાન આપ્યું છે તેવા આરએસએસ જેવા સંગઠનો પ્રત્યે ધીરે ધીરે અન્ય ધર્મના લોકો પણ વિશ્વાસ મૂકવા લાગ્યા છે.

-દિવસ રાત ૨૪ કલાક પાર્ટી માટે કામ કરતું હોય તેવું સંગઠન વિશ્વ કક્ષાએ માત્ર ભારતીય જનતા પાર્ટી છે.

-ભારત ના વિરોધી દેશોના લોકો પણ જાહેરમાં ભાજપા ના વડા એવા નરેન્દ્ર મોદીના વખાણ કરે છે.

-વિશ્વની તમામ પ્રજાને નરેન્દ્ર મોદી પાસે જાદુઈ ચમત્કારની આશા બંધાઈ ચૂકી છે!!.

-રાજકારણમાં કોઈ ચાણક્ય બુદ્ધિ વાપરતું હોય તેવા કાર્યકરો માત્ર ભારતીય જનતા પાર્ટી પાસે છે!!!

એવી વિશિષ્ટ અને વિશ્વની સૌથી મોટી ભારતીય જનતા પાર્ટીનો આજે સ્થાપના દિવસ છે. વિરોધ પક્ષો માટે કોઈપણ પ્રકારનો મુદ્દો છોડવો નહીં તેવી રણનીતિ સાથે વિકાસના મુદ્દાને પકડી રાખવો એવી ખૂબ અઘરી કામગીરી ભાજપા દ્વારા પ્રચાર અને પ્રસાર માધ્યમો દ્વારા વારંવાર વ્યક્ત કરવામાં આવતી હોય છે.

મિત્રો, કોઈ પણ પાર્ટી માટે નરેન્દ્રભાઈ મોદી પાસેથી ઘણું શીખવા જેવું છે. આપણને તે ગમે કે નફરત હોય. પણ મારો વિશ્વાસ કરો, આ માણસ પાસે એક યોજના છે અને તે પોતાની પસંદના અને પોતાના પક્ષ માટેના પરિણામો પ્રાપ્ત કરવા માટે બીજા કોઈ કરતાં ઘણી વધારે રાત ઊંઘ વિના વિતાવવા તૈયાર છે.સમાચાર જગતને તટસ્થ પ્રશ્નનો જવાબ આપવા માટે, નરેન્દ્ર દામોદરદાસ મોદી એ વ્યક્તિ છે જેમણે પોતાની પાર્ટી ભાજપને આજે જ્યાં છે ત્યાં લાવવામાં એકલા હાથે સૌથી મોટી ભૂમિકા ભજવી છે. સંસદમાં પહેલી મુલાકાતમાં લાલકૃષ્ણ અડવાણીજીનું નિવેદન યાદ છે જ્યાં તેમણે કહ્યું હતું કે "નરેન્દ્ર મોદી ને કૃપા કી હૈ પાર્ટી કો યે દિન દેખને કો મિલા." તે રમૂજી નિવેદન નહોતું.જે આજે ભાજપના દરેક કાર્યકર સમજી ગયો છે.... .. અખંડ ભારત.

## હવામાન વિભાગની આગાહીઃ ૪ દિવસ રાજ્યના ૯ જિલ્લામાં હીટવેવનું યલો-ઑરેન્જ ઍલર્ટ



ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે હવામાન વિભાગે આગામી ચાર દિવસ ગરમીને લઈને હીટવેવની આગાહી કરી છે. જેમાં ૬-૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ કચ્છ જિલ્લામાં રેડ ઍલર્ટ જાહેર કર્યું છે. સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં ગરમીનો પારો હાઈ જઈ રહ્યો છે, હવામાન વિભાગે આગામી ૯ એપ્રિલ સુધી ઉષ્ણ લહેરની ચેતવણીને લઈને ઑરેન્જ અને યલો ઍલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન ભુજમાં આજે શનિવારે ૪૪.૫ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળુ હવામાન રહેશે.હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના ૯ જિલ્લામાં રેડ, યલો અને ઑરેન્જ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં હવામાન વિભાગે આવતીકાલે રવિવારે (૬ એપ્રિલ, ૨૦૨૫) અને ૭ એપ્રિલના રોજ કચ્છ જિલ્લા હીટવેવનું રેડ ઍલર્ટ જાહેર કર્યું છે. આ સાથે બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં યલો ઍલર્ટ અને મોરબી અને રાજકોટ જિલ્લામાં ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ૮-૯ એપ્રિલના રોજ બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, મોરબી અને રાજકોટ જિલ્લામાં હીટવેવને લઈને યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે બંને દિવસે કચ્છ જિલ્લામાં ઉષ્ણ લહેરની ચેતવણીને લઈને ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે આગામી ૧૦-૧૧ એપ્રિલના રોજ શુષ્ક હવામાનની આગાહી છે.

જન ફરિયાદ



**તંત્રી લેખ........**

# ટ્રમ્પે વિશ્વને મંદીમાં ધકેલ્યું : વૈશ્વિક બજારોમાં મંદીના મંડાણ

અમેરિકામાં આયાત પર વિશ્વના અનેક દેશો પર આકરાં ટેરિફ લાગુ કરનાર ડોનાલ્ડ ટ્રમ્પના આકરાં વલણ સામે જેવા સાથે તેવાની નીતિમાં ચાઈનાએ અમેરિકાથી થતી ચીજોની આયાત પર ૩૪ ટકા ટેરિફ ૧૦, એપ્રિલથી લાગુ કરવાનો નિર્ણય લેતાં આજે વૈશ્વિક બજારોમાં મહામંદીના મંડાણ થયા હતા. અમેરિકાના ટેરિફના પરિણામે વિશ્વ મહા વેપાર યુદ્ધના ખપ્પરમાં હોમાયું છે. યુરોપના દેશો પણ અમેરિકા સામે આકરાં ટેરિફ પગલાં લેવાની તૈયારીમાં હોવાના અહેવાલો પાછળ આજે વિશ્વભરના શેરબજારોમાં આવેલી ગભરાટભરી વેચવાલીના દબાણે ઝડપી પીછેહઠ જોવા મળી હતી.

અમેરિકાની રેસિપ્રોકલ ટેરિફની વિશ્વ પર માઠી અસરની સાથે અમેરિકાનું અર્થતંત્ર પણ મોંઘવારી અને મંદીમાં સરી પડવાના અંદાજો વચ્ચે આજે ચાઈનાએ અમેરિકાની ચીજોની આયાત પર ૩૪ ટકા ટેરિફ લાદતાં વૈશ્વિક બજારોમાં સતત બીજા દિવસો ધબડકો બોલાયો હતો. અમેરિકી શેર બજારોમાં ગઈકાલે ડાઉ જોન્સ ઈન્ડેક્સ ૧૬૭૯ પોઈન્ટ અને નાસ્દાક ઈન્ડેક્સ ૧૦૫૦ પોઈન્ટ જેટલા તૂટયા બાદ આજે-શુક્રવારે ડાઉ જોન્સમાં વધુ ૧૦૦૦ પોઈન્ટ અને નાસ્દાકમાં ૪૫૦ પોઈન્ટ જેટલો કડાકો બોલાયો હતો. આમ બે દિવસમાં ડાઉ જોન્સમાં ૨૮૦૦ પોઈન્ટ અને નાસ્દાકમાં ૧૭૦૦ પોઈન્ટનો કડાકો બોલાયો છે. યુરોપના દેશોના બજારોમાં પણ ધોવાણ થયું હતું. લંડન શેર બજારનો ફુત્સી સાંજે ૩૩૧ પોઈન્ટનો ઘટાડો, જર્મનીનો ડેક્ષ ૮૪૦ પોઈન્ટનો કડાકો અને ફ્રાંસનો કેક ૪૦ ઈન્ડેક્સ ૨૮૭ પોઈન્ટનો કડાકો બતાવતા હતા.ટ્રમ્પે ભારત પર ૨૬ ટકા ટેરિફ લાગુ કર્યા સામે ફાર્મા, એનર્જી સહિતના સેક્ટરોને બાકાત રાખ્યા બાદ આજે ફરી ફાર્મા પર ટૂંક સમયમાં ટેરિફ જાહેર કરાશે એવા કરેલા નિવેદન અને ભારતમાં થતી મેટલની આયાત પર બિનજરૂરી ક્વોલિટી માપદંડોને દૂર કરવા દબાણની નેગેટીવ અસરે આજે ભારતીય શેર બજારોમાં મેટલ-માઈનીંગ, ફાર્મા, આઈટી-સોફટવેર સર્વિસિઝ, કેપિટલ ગુડઝ-પાવર, કન્ઝયુમર ડયુરેબલ્સ, ઓટો શેરો પાછળ ધબડકો બોલાઈ ગયો હતો. સેન્સેક્સ ૯૩૦.૬૭ પોઈન્ટ તૂટીને ૭૫૩૬૪.૬૯ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ફરી ૨૩૦૦૦ની સપાટી ગુમાવી અંતે ૩૪૫.૬૫ પોઈન્ટ તૂટીને ૨૨૯૦૪.૪૫ બંધ રહ્યા હતા.અમેરિકાએ ચાઈના પર આકરાં ટેરિફ લાગુ કરતાં અને વળતાં ચાઈનાએ પણ અમેરિકા પર ટેરિફ લાદતાં વૈશ્વિક મેટલ વેપાર ખોરવાઈ જવાની દહેશત વચ્ચે લંડન મેટલમાં નોન-ફેરસ મેટલના ભાવો તૂટતાં અને ભારતના મેટલ આયાત માટેના ક્વોલિટી માપદંડો આકરાં હોવાનું કહી આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ આયાતની મંજૂરી આપવા ભારત પર દબાણ કરવાની શરૂઆતે આજે મેટલ-માઈનીગ શેરોમાં મોટો કડાકો બોલાઈ ગયો હતો.

## રાહુલ ગાંધીને મોટો ઝટકો, સાવરકર અંગે ટિપ્પણી મુદ્દે અલ્લાહાબાદ હાઈકોર્ટે અરજી ફગાવી



અલ્લાહાબાદ હાઈકોર્ટે રાહુલ ગાંધીને મોટો ઝટકો આપ્યો છે. વિનાયક દામોદર સાવરકર વિરુદ્ધ કથિત અપમાનજનક ટિપ્પણી મામલે અલ્લાહાબાદ હાઈકોર્ટની લખનઉ ખંડપીઠે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને કોઈ પણ રાહત આપવાનો ઈનકાર કરી દીધો છે. કોર્ટે અરજી ફગાવી દેતા કહ્યું કે, 'રાહુલ ગાંધી પાસે તેમના સમન્સ સામે સેશન્સ કોર્ટ સમક્ષ સમીક્ષા અરજી દાખલ કરવાનો વિકલ્પ છે, તેથી હાલમાં આ કોર્ટના હસ્તક્ષેપની કોઈ જરૂર નથી.'આ આદેશ જસ્ટિસ સુભાષ વિદ્યાર્થીની સિંગલ પીઠે આપ્યો હતો. આ અરજીમાં સાવરકર વિરુદ્ધ કથિત રીતે અપમાનજનક ટિપ્પણી કરવાના કેસમાં રાહુલ ગાંધીને સમન્સ પાઠવવાના નીચલી અદાલતના આદેશને પડકારવામાં આવ્યો હતો. આ સાથે જ રાહુલ ગાંધીએ આ કેસમાં નીચલી કોર્ટમાં પોતાની સામે ચાલી રહેલી કાર્યવાહીને પણ પડકારી હતી.તેમના વકીલ પ્રાંશુ અગ્રવાલે દલીલ કરી હતી કે, ફરિયાદમાં લગાવવામાં આવેલા આરોપોથી કલમ ૧૫૩છ અને ૫૦૫ઁઝનો કેસ નથી બનતો, તેમ છતાં નીચલી કોર્ટે અરજદારને આ કલમો હેઠળ સમન્સ પાઠવ્યા છે.

## અમદાવાદની ૨૬ લાખ રહેણાંક, કોમર્શિયલ મિલકતને યુનિક નંબર અપાશે, GIS ટેક્નોલોજીની મદદ લેવાશે



જીયોગ્રાફિકલ ઈન્ફર્મેશન સિસ્ટમ ટેકનોલોજીનો ઉપયોગ કરીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવેલી ૧૯ લાખથી વધુ રહેણાંક તથા ૬.૫૦ લાખ કોમર્શિયલ મિલકતોને યુનિક નંબર આપી ઓળખ અપાશે. શહેરમાં આવેલી તમામ મિલકતોનું ડ્રોનથી સર્વે કરાવી ડ્રોન ઈમેજ તૈયાર કરાશે.મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી શહેરીજનોને અપાતી ડોર ટુ કોન્ટ્રાકટથી વેસ્ટ કલેકશન, પ્રોપર્ટી ટેકસ , ફાયર સેફટી સહીતની સેવાઓને આવરી લેવાશે. દરેક મિલકત આગળ યુનિક નંબર અપાશે. ડોર ટુ ડોર કર્મચારીઓએ જે તે મિલકતમાંથી કચરો ઉપાડયો હોવાનુ પુરવાર કરવા મિલકત આગળ લગાવાયેલા કયુ.આર.કોડને સ્કેન કરવો પડશે. મિલકત વિશેની માહીતી એક ક્લિક ઉપર મળી શકશે.

દેશમાં વારાણસી અને ગોવા ખાતે આવેલી રહેણાંક તથા કોમર્શિયલ મિલકતોને જીયોગ્રાફિકલ ઈન્ફમેશન સિસ્ટમ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડીજીટલ મોડ ઉપર મુકવામાં આવેલી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ શહેરમાં આવેલી રહેણાંક તથા કોમર્શિયલ મિલકતોના રેકર્ડસનું ડિજીટલાઈઝેશન કરવા નિર્ણય કર્યો છે.સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહયુ,શહેરમાં આવેલી મિલકતોના ડ્રોનથી સર્વે કરી મિલકતોનું મેપીગ કરવા સહીતની અન્ય કામગીરી કરાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રીકવેસ્ટ ફોર પ્રપોઝલ મંગાવવામાં આવશે.તમામ મિલકતોનો ડોર ટુ ડોર સર્વે કરાશે.કારપેટ એરીયાથી મિલકતોનુ માપ લેવા,તેના જીઓ ટેગ કરેલા ફોટા લેવા,વીજ તથા પાણી જોડાણ થી લઈ મિલકત સંબંધી તમામ માહીતી મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મિલકતના આપવામાં આવેલા ટેનામેન્ટ નંબરના આધારે ડિજીટલ મોડ ઉપર મુકાશે.વિપક્ષનેતા શહેજાદખાન પઠાણે, અમદાવાદની તમામ મિલકતોને જીઓ ટેગથી આવરી લેવાની વાત સત્તાધારી પક્ષ માત્ર વાહવાહી મેળવવા માટે કરી રહયો હોવાનો આક્ષેપ કર્યો હતો.શહેરમાં વર્ષ ૨૦૨૪-૨૫માં શહેરીજનો દ્વારા ચાર લાખ જેટલી પ્રાથમિક સુવિધાને લગતી ફરિયાદ મ્યુનિ.તંત્રને ઓનલાઈન કરી હતી.ઓનલાઈન ફરિયાદોનો ત્વરીત નિકાલ તંત્ર કરી શકતુ નથી.છતાં જીઓ ટેગની વાત નિષ્ફળ જશે.શહેરમાં હાલમાં મ્યુનિસિપલ ટેકસ વિભાગના રેકર્ડ મુજબ ૧૯ લાખથી વધુ રહેણાંક તથા ૬.૫૦ લાખ જેટલી કોમર્શિયલ મિલકત આવેલી છે. ડ્રોન સર્વે તથા મેપીગ પછી વિવિધ પ્રકારની મિલકતોના વપરાશ કે બાંધકામમાં ફેરફાર, બાંધકામમાં વધારો જેવા કારણથી મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રોપર્ટી ટેકસની આવકમાં અંદાજે ૩૦ થી ૪૦ ટકા જેટલો વધારો થવાની સંભાવના વ્યકત કરાઈ છે.સર્વે દરમિયાન નવી મિલકતોની સંખ્યામાં પણ ૨૦ થી ૩૦ ટકાનો વધારો થશે.પ્રોપર્ટી ટેકસના બિલ પણ મોબાઈલ ઉપર આપવાનુ તંત્ર દ્વારા વિચારણા કરાઈ રહી છે.

# કામગીરી અટકી:પાટણમાં પાલિકાનું સોફ્ટવેર પ્રથમ દિવસે જ ખોરવાતાં વેરાની વસુલાતની કામગીરી અટકી



પાટણ નગરપાલિકામાં વેરા વસુલાતના પ્રથમ દિવસે જ સોફ્ટવેર ખોવાઈ પડતા કામગીરી અટવાઈ પડતા વસૂલાત જ થઈ શકી ન હતી. સવારથી જ વેરો ભરવા આવેલા લોકો કલાકો સુધી પ્રતીક્ષા કર્યા બાદ અંતે પરત જવું પડતા સ્ટાફ ઉપર ભારે રોષ ઠાલવ્યો હતો.પાટણ નગર પાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વેરા વસૂલાત માટે શરૂ કરતા પહેલા ગુરુવારે સાંજે સોફ્ટવેર ચેકિંગ માટે વેરા વસુલાતની કામગીરી કરી હતી.જેમાં સિસ્ટમ યોગ્ય રીતે ચાલતા શુક્રવારે સવારે ૬ કાઉન્ટર સાથે વેરા વસૂલાતની વ્યવસ્થા ગોઠવાઈ હતી. મોટા ઉપાડે શહેરીજનોને વેરો ભરી જવા માટે જાહેરાતો કરતા સવારથી જ શહેરમાંથી મોટી સંખ્યામાં મિલકત ધારકો વેરો ભરપાઈ કરવા માટે આવી જતા વસુલાત શાખામાં ભીડ જામી હતી. વસુલાતની કામગીરી શરૂ કરતાં સોફ્ટવેરમાં ટેકનિકલ એરરને લઈ શરૂ જ ના થતા વસુલાતની કામગીરી શરૂ થઈ શકી ન હતી. વેરો ભરવા આવેલા ૨૦૦થી વધુ અરજદારોમાં મોટાભાગના સિનિયર સિટીઝનો હતા.ગરમી પૂર્વે વેરો ભરાઈ જાય માટે વહેલી સવારથી જ કચેરીમાં આવીને બેસી ગયા હતા.સોફ્ટવેરમાં એરર આવતા વેરો જ ના ભરાતા દોઢ કલાકથી વધુ પ્રતીક્ષા બાદ અંતે સિનિયર સિટીઝનો સ્ટાફ ઉપર ભારે અકળાયા હતા. બેસવાની પણ વ્યવસ્થા ના હોય સિસ્ટમ ચાલુ ના હોય તો વેરો વસુલાત બંધ રાખવી હતી. હવે સોફ્ટવેર શરૂ થયા બાદ કામગીરી શરૂ કરીશું વેરા શાખાના સુપ્રિટેન્ડેન્ટ લક્ષ્મણભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુરુવારે સાંજે ટેસ્ટિંગ માટે વેરો શાખાની કામગીરી ચાલુ કરી હતી તે દરમિયાન સોફટવેરમાં દરેક સિસ્ટમમાં કાર્યરત હતા અને એકાદ કલાકમાં રૂ.૧,૧૩,૦૨૧ની વેરાની આવક પણ થઈ હતી પણ આજના દિવસે પરથી એરર હોવાના કારણે કામગીરી ખોરવાઈ છે હવે આગામી કામગીરી સોફટવેર કમ્પલેટ કાર્યરત હશે તો જ અરજદારોને બોલાવાશે. વહેલી સવારથી જ અરજદારી કચેરીમાં આવી ભીડ લાગી

# સાવલી ખાતે સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ યોજાયો

વડોદરા જિલ્લાના સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર દ્વારા તેમના પિતાની જન્મતિથિ નિમિત્તે ૧૦માં સર્વજ્ઞાતિ સમૂહલગ્ન યોજવામાં આવ્યા હતા. જેમાં ૫ મુસ્લિમ યુગલ સહિત ૮૭૮ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયાં હતાં. જેમાં એક તરફ નિકાહ થઈ રહ્યા હતા તો બીજી તરફ યુગલો ચોરીના ફેરા ફરી રહ્યા હતા.આ સમૂહલગ્નમાં અંદાજે ૨ લાખ લોકો સહભાગી બન્યા હતા.

સાવલી કેતન ફાર્મ ખાતે આયોજિત આ અવસરમાં વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી સહિતના રાજકીય અગ્રણીઓ અને સાધુ-સંતોએ નવદંપતીને સુખી સાંસારિક જીવનના આશીર્વાદ આપ્યા હતા. યુગલોએ જણાવ્યું હતું કે, કદાચ ઘરઆંગણે લગ્ન થયા હોત તો આવા ધામધૂમથી લગ્ન થયા ન હોત. આ સમૂહ લગ્નોત્સવમાં નવોઢા સોળે શણગાર સજીને અને વરરાજા શૂટ-બૂટ, શેરવાની અને જોધપુરીમાં સજજ થઈ લગ્ન મંડપમાં વાજતે ગાજતે આવી પહોંચ્યાં હતાં. વરરાજાના સવારે બેન્ડવાજા સાથે ભવ્ય વરઘોડા નીકળ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, હું બધાં જ નવયુગલોને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. આ સમૂહલગ્ન સામાજિક સમરસતાનું એક મોટું ઉદાહરણ છે.આ મિત્રો ખૂબ કઠિન કામ કરી રહ્યા છે અને દર વર્ષે કેતનભાઈનો આગ્રહ હોય છે કે તમે આવો. તેઓ જો આટલી મહેનત કરતા હોય તો મારે ગમે એ રીતે પહોંચવું જોઈએ એવું મને લાગે છે. દિલથી આગ્રહ હોય એટલે આવવું જ પડે. સરકારે સમૂહલગ્નોને પ્રોત્સાહન આપવા માટે સાતફેરા સમૂહલગ્ન યોજનાને અમલ બનાવી છે. પાલક માતા-પિતા અને મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો લાભ લેતી દીકરીઓને રાજ્ય સરકાર ૨ લાખની સહાય આપીને પડખે ઊભી રહે છે. સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે જણાવ્યું હતું કે મારા સ્વર્ગવાસી પિતા મહેન્દ્રભાઈ ઈનામદારના જન્મદિન નિમિત્તે છેલ્લાં ૧૦ વર્ષથી સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવે છે. આજે તારીખ ૪ એપ્રિલ ને ચૈત્રી સાતમના પાવન દિવસે સાવલી કેતન ફાર્મ ખાતેની વિશાળ જગ્યામાં ૮૭૮ યુગલો પ્રભુતામાં પગલાં પાડી લગ્નજીવનની શરૂઆત કરી રહ્યાં છે. આજનો દિવસ મારા માટે ખુશીનો દિવસ છે. આ સમૂહલગ્નમાં ૬ મુસ્લિમ યુગલો પણ નિકાહ કરી રહ્યાં છે. જીવું ત્યાં સુધી આ સમૂહલગ્ન કરાવી શકું એવા આશીર્વાદ મળે એવી પ્રાર્થના કરું છું.

# સરયૂ પરીખ -પત્ર કેમ?

આજે ડાયરીના પાના ફેરવતાં ૫૦ વર્ષ પહેલાના લખાણ પર નજર અટકી ગઈ. મેં લખ્યું હતુંપ ''આજે રતિભાઈનો પત્ર આવ્યો. બાએ ખોલીને વાંચ્યો, પછી પત્રના ટુકડા કરી ફેંકી દીધો.''

હવે સવાલ સતાવે છેપ''કેમ એમ કર્યું હશે? પત્ર કેમ ફાડ્યો?''

આ સાથે એ સમયની દરેક વાત ચોખ્ખી યાદ આવી. બાવીસ વર્ષની હું જીવનસાથીની શોધમાં હતી. એક દિવસ બા સાથે સાડીમાં સજજ થઈને બહાર જતી હતી. અમારા સગાના ઘર પાસેથી પસાર થતાં હતાં ત્યારે હાક સંભળાઈ.

''ભાનુબેન, કેમ છો?'' ઉપરની ગેલેરીથી રતિભાઈનો અવાજ આવ્યો. તેમણે જણાવ્યું કે તેઓ પરિવાર સાથે તેમના દાદાને ઘેર થોડા દિવસો માટે આવ્યા છે. તેમના પત્ની પણ બહાર આવ્યાં અને મારી સામે ધ્યાનથી જોઈ રહ્યાં. એક જ જ્ઞાતિના પરિવારો વચ્ચે ખૂબ સદ્ભાવના ભરેલા સંબંધો હતા.

બીજે દિવસે સંદેશ આવ્યો કે તેમનો દીકરો હિરેન અમારે ઘેર મળવા આવશે. લગ્નના હેતુની શક્યતાના અનુસંધાનમાં આવે છે તે ખ્યાલ આવી ગયો. મુલાકાત સારી રીતે સંપન્ન થઈ. પછી 'આગળ વાત ચાલશે કે નહીં' એ વિશે તેમના નિર્ણય-જવાબની રાહ જોતાં હતાં. એ પરિવાર સાથે સંબંધ બંધાય તે ગૌરવની વાત હતી. એકાદ સપ્તાહમાં રતિભાઈ તરફથી પત્ર આવ્યો. હું દૂરથી બાને પત્ર ખોલી, વાંચીને પછી ખાસ પ્રતિક્રિયા વગર, ફાડીને ફેંકી દેતા જોઈ રહી. મને થયું, હિરેને 'ના' પાડી હશેપતેથી એ બાબત કોઈ દિવસ વાત ન કરી.

બીજે વર્ષે મારા લગ્ન થઈ ગયા અને મારા પતિ સાથે હું અમેરિકા આવી. ખબર પડી કે, હિરેન અને તેની પત્ની બહુ દૂર નથી રહેતાં. એકબીજા તરફ પૂર્વગ્રહનાં પડળ સાથે એક વખત ઔપચારિક મુલાકાત લીધી હતી.




ચાર દસકા બાદ અને વિકસેલા પરિવારના મેળામાં, મારા સાહિત્ય-લખાણ વેબસાઈટ પર હિરેનના પ્રતિભાવ સાથે ફરી વાતચીત શરૂ થઈ. મારી વાર્તા અને કવિતામાં તેનો પ્રોત્સાહન ભર્યો અભિપ્રાય આવતો. એક વખત મારા મામાના સ્મરણ લેખમાં મેં લખ્યું હતું, ''મારા આંતરજ્ઞાતીય લગ્નમાં પિતાશ્રીનો સખત વિરોધ હતો ત્યારે મારા મામાએ મને ખાનગી રીતે લગ્ન કરવામાં સહાય કરેલી.''

આ સ્મરણ લેખના અનુસંધાનમાં હિરેનનો ઈ મેઈલ આવ્યો, ''નાનપણમાં જોયેલા જાણેલા પૂજ્ય શ્રી.'મામા'ની યાદ તાજી કરાવી દીધી. એ દિવસોની મીઠી યાદો તાદ્રશ્ય થઈ ગઈપઅમે તો સ્થળાંતર કરેલ એટલે તમારા ગામનો સંપર્ક બહુ રહેલ નહીં. તમે લખેલ આ લેખથી બનેલ ઘટનાઓનો આછો ખ્યાલ આવે છે. સૌથી રસપ્રદ તો એ જાણવા મળી રહ્યું છે કે, વડીલોના આગ્રહે ૧૯૬૭-૬૮ ના ગાળા દરમિયાન, જયારે તમારા ઘરે આપણો પરસ્પર મળવાનો પ્રસંગ થયેલ, ત્યારે તમે તો કદાચ પૂ. મામાની મદદે તમારાં સ્વયં પસંદગી સાથે જોડાયેલ હશો? મને પ્રસન્નતા છે કે તમે મનપસંદ માર્ગે આગળ ધપી જીવનને કેટલું સમૃદ્ધ બનાવેલ છે. હું મારા સદ્ભાગ્યે અન્ય દિશાએ જઈ સુખી બનેલ છું. હાર્દિક શુભેચ્છાઓ અને સ્નેહ નમસ્કાર.''

વાંચીને મને લાગ્યું કે હિરેન માને છે કે હું તેમને મળી ત્યારે મારું ચક્કર અન્યની સાથે ચાલતું હતું. તેમના ખ્યાલને દૂર કરવા મેં જવાબ લખ્યો. ''હિરેન, લેખ વિશે પ્રતિભાવ વાંચી આનંદ થયો. તમે મને મળવા આવેલ તે બરાબર યાદ છે. એ સમયે હું સાથીની શોધમાં જ હતી. મારા લગ્નની વાત એ પછીના વર્ષે ઉપસ્થિત થઈ હતી. ત્રણ દિવસની ટૂંકી મુલાકાત પછી અમારાં લગ્ન થયા હતા. પએક સવાલ રહી ગયો છે. આપણી મુલાકાત પછી તમારા પિતાશ્રી રતિભાઈનો પત્ર આવ્યો અને બાએ વાંચીને ફાડી નાખ્યો. ખબર નહીં શું વાત હતી! મેં માન્યું કે તમે 'ના' પાડી હશે.''

હિરેનની ઈ-મેઈલ આવી, ''બાપુજી કશું અપમાનજનક લખે તે હું નથી માનતો. આશ્ચર્ય અને ઉત્કંઠા થાય છે કે ભાનુબેને પત્ર કેમ ફાડી નાખ્યો હશે! ખેર, હું તમને મળ્યા પછી આગળ વાત કરવા માટે 'હા' કહીને અભ્યાસાર્થે બહારગામ જતો રહેલો. મને એમ કે તમે મને નાપસંદ કર્યો હશે.''

'હિરેને 'હા' પાડી હતી!' મારા ચહેરા પર એક સ્મિત ફરકી ગયું. મેં જવાબ લખ્યો, ''આ સવાલ મારા બા હતાં ત્યારે ન પૂછ્યોપતો હવે, આપણે હસીને એક કોર ગોઠવી દઈએ. બાકી, ખાસ પરિચય ન હતો તો પણ આપણે મિત્ર બનવાનું હશે જ, તે આ ઉંમરે બન્યાં. કરમન કી ગતિ ન્યારી. મારા પતિ દીપને પણ આ વાતની નવાઈ લાગે છે. અમારી તમને બંનેને શુભેચ્છા.''

''આપણા વડીલો વચ્ચે માન-સ્નેહના સંબંધ હતાં. આપણી પરસ્પરને મળવાની ઘટના સાહિત્ય રસની આપ-લે માટે જ નિર્મિત હશે, જીવનસંગાથ માટે હતી જ નહીં તેમ લાગે છે અને હા, સાહિત્યકાર અને કલાકારનું મિલન લખાયેલું હોય ત્યાં મારું શું ગજુ? લગ્નકુંડળીની રેખાઓ તો દોરાઈને આવેલી હોય છે. હાર્દિક શુભેચ્છાઓ અને નમસ્કાર.'' હિરેન.

''ભલે પત્રની ઘટના રહસ્યમય રહી પણ હવે એકબીજાનાં સુખી પરિવારનો ખુલ્લા દિલે પરિચય થયાનો આનંદ છે. આપણી ઓળખાણ અને ચાલી રહેલ ગોષ્ટિથી હૂંફ મળે છે." ----- સરયૂ પરીખ.

સરયૂ પરીખ. ઓસ્ટિન, ટેક્સાસ.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું